# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૫-૦૪-૨૦૨૨

પ્રજા વિરોધી નીતિ અને સરમુખત્યાર ભાજપ સરકારની અવિચારી નીતિઓ, વીજળી, મોઘવારી, સરકારી નોકરીઓમાં વારંવાર ગેરરીતી, પેપર લીક કાંડ સહિત અનેકવિધ સમસ્યાઓથી પ્રજા ત્રસ્ત બનેલી છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લા - તાલુકા કક્ષાએ, "લોકશાહી બચાવો – સંવિધાન બચાવો" ની માંગ સાથે મૌન ધરણા-વિરોધ પ્રદર્શનના આયોજન કર્યું હતું પ્રજા વિરોધી ભાજપ સરકારના નિર્ણયો સામે વિરોધ વ્યક્ત કરવાની પ્રજાની મૂળભૂત સ્વતંત્રતા ઉપર પણ કાપ મૂકવામાં આવ્યો છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારે વિરોધ વ્યક્ત કરનારાઓ સામે પણ પ્રતિબંધક કાનૂની જોગવાઈઓનો બેફામ દુરુપયોગ કરવાનું વલણ અપનાવ્યું હોવાથી પ્રજામાં ભય અને દહેશતનું વાતાવરણ પેદા થયું છે. આવી જ કાનૂની જોગવાઈનો દુરુપયોગ કરીને વડગામના ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ મેવાણીની તદન વાહિયાત કારણોસર ધરપકડ કરીને ભાજપ સરકારે બ્રિટિશ રાજ્યની યાદ તાજી કરી છે. ત્યારે હંમેશની જેમ સત્ય અને પ્રજાને પડખે રહેવાની નીતિ અને વલણ ધરાવતો કોંગ્રેસ પક્ષ આવા સરકારના જન વિરોધી નિર્ણયો સામે પ્રજાનો અવાજ બુલંદ કરવાના ગુજરાતના 33 જિલ્લાઓમાં મૌન ધરણા-વિરોધ પ્રદર્શન યોજાયા હતા.

"લોકશાહી બચાવો – સંવિધાન બચાવો" ની માંગ સાથે ગુજરાતના તમામ જીલ્લાઓમાં કરવામાં આવેલા મૌન ધરણા-વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસ પક્ષના આગેવાનો, હોદ્દારશ્રીઓ - ફ્રન્ટલના વડાશ્રીઓ, સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા

**નોંધ : "લોકશાહી બચાવો – સંવિધાન બચાવો" ધરણા-વિરોધ પ્રદર્શનના ફોટોગ્રાફ્સ આપશ્રીને આ સાથે ઈ-મેઈલ કરેલ છે.**

---

"લોકશાહી બચાવો – સંવિધાન બચાવો" ની માંગ સાથે અમદાવાદ ખાતે મેમ્કો ચાર રસ્તાથી તા. ૨૬.૦૪.૨૦૨૨ મંગળવાર, સાંજે ૪ વાગે પ્રતિકાર રેલી યોજાશે આ રેલીમાં સમગ્ર ગુજરાતમાંથી તમામ સમાજના પ્રબુદ્ધ નાગરીકો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ - આગેવાનો, પદાધિકારીઓ ભાગ લેશે.

"પ્રતિકાર રેલી" ના કવરેજ માટે આપશ્રીના પત્રકારશ્રી, ફોટોગ્રાફરશ્રી તથા ટી.વી. ટીમને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સહ વિનંતી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા